નવીન. વંદેમાતરમ. નવીન.

ૐ શ્રી.

ત્ય,શીયળ,જ્ઞાન.નીતી,અને ભ.તીરસથી ભરપુર ગાયનો

અથવા.

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૧ લો.

રચી છપાવી પ્રસીદ્ધ કરનાર.

ભીખાલાલ રણછોડદાશ. શાહ.

તથા.

સોમેશ્વર મુળજીભાઈ પંડ્યા.

મુ—ચુણેલ. તા—નડીઆદ.

આવૃતિ ૧ લી પ્રત [૨૦૦૦]

ધી " મંગળપ્રસાદ ,, પ્રીન્ટીંગ પ્રેસ—ચુણેલ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૮

કીંમત ફક્ત રૂ ૦—૨—૦ બે આના.

નવું છાપખાનું

ધી "મંગળપ્રસાદ" પ્રીન્ટિંગ પ્રેસ.

આ નામનું નવીન છાપખાનું હાલ ચુણેલમાં કાઢવામાં આવ્યું છે આ છાપખાનામાં સરવે પ્રકારનાં પુસ્તકો, હેન્ડબીલો, નોટીસો, પહોંચબુકો ઈત્યાદિ કામ ઇંગ્લીશ, સંસ્કૃત અને ગૂજરાતી ભાષામાં વ્યાજબી કીંમતે કરી આપીશું છાપખાનુ. તથા સરવે સામાન તદન નવો મુંબાઇથી આણેલો છે તેથી કામ સાદ્દ અને સુદર થાયછે એકવાર કામ આપી ખાત્રી કરો.

મુકામ- ચુણેલ તાલુકે નડીઆદ

નવીન. વંદે માતરમ. નવીન.

ભકતી રસથી ભરપુર ગાયનો અથવા.

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૧ લો.

રચી છપાવી પ્રસીધ્ધ કરનાર.

ભીખાલાલ રણછોડદાશ શાહ.

તથા.

પંડયા સોમેશ્વર મુળજીભાઈ.

મુ ચુણેલ. તા નડીઆદ.

The Mangalprasad Printing Press' CHUNEL.

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૮.

કીમત ફકત રૂ -૦—૨—૦ બે આના.

ચુણેલ-શ્રી " મંગળપ્રસાદ " પ્રાન્ટીંગ પ્રેસમાં પ્રેસના મેનેજર પંડીત. પ્રસાદરાય નંદલાલે માલીકને માટે છાપી.

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૧ લો.

શ્રી કૃષ્ણાર્પણ

શ્રી મંગળાચરણ

૧ રાગ (ક્યાંથી આ સંભળાય.)

દયાનીધી ભગવંત, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત;
પુર્ણ કરાવજો ગ્રંથ, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત.
ભક્ત તણીતો વારે ધાવો, દુઃખનો આણો અંત.—પ્યારા.
પુત્ર કહાવો નંદ જશોદાના, પુંજુ પ્રેમે મહંત.—પ્યારા.
મીરાં તારી અહલ્યા ઉધ્ધારી, કીધું વૃજ પાવંન.—પ્યારા.
કુંવરબાઈનુ મામેરુ પુરી, ભક્તનુ કર્યુ જતંન.—પ્યારા.
દુઃખજ કાપી સુખને આપો, વદે ભીખો કરી ચીતવંન.—પ્યારા.
દયાનીધી ભગવંત, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત.—

૨ રાગ શ્રીહરી સહાય થજો.

જશોદાના જાય, કરગરી કહુછુ તમને

જાદવપતિ રાયા, ભવજલ તારો અમને.—જશોદા.
અંતર અરજી લ્યો અવધારી, વારે ગાજ્યો શ્રી ગીરધારી;
મસી મારી દાસી તારી, મંજારી બચ્ચાં બળતાં ઉગારી;
વંદુ નમી નમી તમને..................................જશોદા.
જ્યાં જોઉં ત્યાં જશોદા બાલા, ઠામે ઠામ વસોછો વાલા;
તીલક છાપ તુલશીની માલા, વિનવે છે ભીખાલાલા;
મોક્ષ ગતી દયો અમને..................................જશોદા.

૩ રાગ ધીમા ધીમા ચાલોને.

આવો આવો શ્રી નટવર રાયરે
પ્રભુ તમારા નામની લેયો મોટી;
સગાં સબંધીની માયા સર્વે ખોટી. – છો મહાગયરે – આવો •

સાખી

આ સેવકની સાંભળો, વિનંતી જગરાજ;
ભીખો નમી નમી વિનવે, શરણે લ્યો મહારાજ.
નરસિંહને ઉગારી લીધા શરણે,
હું પાય પડું છું આપના ચરણે,
તેમ આ સેવકને લ્યો શરણે........ છો મહારાયરે – આવો •

૪ રાગ શ્રી હરી સ્હાય થજો.

શ્રી હરી શ્યામ ખરા, બીજું સર્વે નકામું;
માયા મોરલી ધરા, ભજીને મોક્ષ હું પામું..........શ્રી હરી–•
શ્રી હરીને સર્વે ભજોને, સગાં સબંધી સર્વે તજોને

ભક્તિ રસના શણગાર સજોને, જેથી ભવસાગર તરોને.
ભજન કરીને સુખ પામું ....શ્રી હરી-•
વાટ જોઉછું હજી તારી, વ્હેલા આવો શ્રી ગીરધારી;
ભીખો વિનવે છે પોકારી, મોક્ષ ગતી દયો અમને મોરારી.
સાચું નામ તમારૂં ....શ્રી હરી-•

૫ રાગ પુજું પ્રેમે મહાવીરજીને રાજજીને.

પુંજું પ્રેમે મહાપ્રભુ શ્રીનાથજીને (૨)
જેથી ભવાબ્ધી પાર તરવા ....ભક્તિ વરવા [૨]
મુક્તિ રમણી વરવા કાજ ધરો પ્રભુ ધ્યાન અહો ધરો (૨)
અહો પ્રભુ તું તારક એક ....પુજું

૬ રાગ યૌવન ખીલ્યુ.

આયુષ્ય જાયછે, શ્રીહરી કેરૂં ધ્યાન ધરો;
જેથી મોક્ષ પામીને, સિંધુ સેજ તરો, આત્મ પદને વરો;
પામો સુખનો ઝરો, શીખ ઉરમાં ધરો, શ્રી, શ્રી, શ્રી.........આયુષ્ય.
જેથી મોક્ષ પામીને હરી રૂપમાં ખપો, જેથી થાય નફો;
સત્ય દીન જપો, ના થાય ટપો, શ્રી, શ્રી, શ્રી. ....આયુષ્ય.
હરી સમજીને મનમાં હોંસ ધરો, વળી નીત્ય કરો;
ભક્તિ રસ ખરો, કહે ભીખોજ ખરો; શ્રી, શ્રી, શ્રી.........આયુષ્ય.

૭ રાગ પામ્યો પામ્યો પદ્મણી.

નહિ નહિ હાં હાં જી (૩) ભુલુ તમ નામહો;
મારા છેલ છબીલા રાયા.—નહિ
આપના નામની ઘટ ઘટ માળા, એવા મારા રાય છોગાળા;
કાને કુંડળ હાં હાં જી [૩] શોભે સુંદર શ્યામહો.—મારા—
મોર મુંગટ ધરી પહેર્યું પીતાંબર, ભકત નરશિંહથી હતુ નહિ અંતર;
કહે ભીખો હાં હાં જી [૩] એવા ભકતના ભોગીહો.—મારા—
નહિ નહિ હાં હાં જી (૩) ભુલુ તમ નામહો.—મારા—

૮ રાગ બેઠકોમાં ગવાતો વ્રુજ રાગ હીંડોળો.

શ્રી જશોદા બાલ, કૃષ્ણ કૃપાલ હીંડોળે ઝુલે;
સારદ નારદ દેવ સકળ સઉ ઝુલાવે પ્રેમ પ્રફુલે.—શ્રી—
મોક્ષના દાતા દો સુખ સાતા ત્રાતા ગુણ ગાઉ રસાલ;
હરખે ઝુલાવુ ફુલ માળ પહેરાવી શ્રી હરી પરમ કૃપાલ.—શ્રી—
નખ સીખ નીરખી મુરતી રદયમાં પ્રેમે લડાવે જે લાડ;
ઝુલાવુ લાલ નવરંગ હીંડોળે તમ વડે ઝુલે સર્વે બ્રહ્માંડ.—શ્રી—
ગીરધર લક્ષમીવર મોર મુંગટ ધર છો પ્રભુ પરમ પુનીત;
ભીખો કહે ચુક રદય ન ધરશો પાવન કરશો કાપી પાપ ખચીત.—શ્રી—

૯ રાગ રોળા વૃત

ધરો પ્રભુનુ ધ્યાન પ્રેમે ભકત નરનારી

ગાઓ હરીનુ ગાન મોક્ષ ગતી દે ગીરધારી
નરસિંહને દીધુ માન શામલસા પરણાવી
ભકત આધીન ભગવાન વારે ચઢજો અમારી
ભીખાલાલ ધરે ધ્યાન વિનંતી ઉર ધરજો
પ્રેમે ભજે ભગવાન તેને પાવન કરજો

૧૦ રાગ વ્હાલા વેગે આવોરે.

જશોદાના જાયારે, જાદવપતિ રાયારે, આવો ભક્ત કુળ તારવા હોજી
જલદી ઝટ આવો વ્હાલા, નમી નમી કહું છુંરે, જુઠીછે માયારે,
ખોટી આ કાયારે, જશોદાના જાયારે.—૦ આવો – ૦

સાખી

મથુરામાં જન્મીયા, ઉછર્યાં ગોકુળ ગામ;
ગોપીઓને ઉધ્ધારીને, દીધું વૈકુંઠ ધામ.
છો સાચા જગ રાયારે, જશોદાના જાયારે. ....આવો-૦

સાખી

સુખ શાન્તિ આપે સદા, વીનંતી ધરજો કાન;
દાસ ભીખો ધ્યાનજ ધરે, મોક્ષ દેજો ભગવાન.
છે અગણિત માયારે, જશોદાના જાયારે. .... આવો-૦

૧૧ રાગ મને ભવ પાર ઉતારોરે [૨]

મને ભવ પાર ઉતારોરે [૨] શ્રીકૃષ્ણ દયાળુ દેવ ....મને-
ભક્ત જનોની વારે ચઢજો, ધર્મ ધોરીંધર ધીર;
વસુદેવના પુત્રજ કહાવો, સુભદ્રાના વીર. ....મને-
ભુ પર ભાર ઉતારવા પોતે, જન્મ લીધો કીરતાર;
કંસરાયને મારીને, વૃજ ઉતાર્યું ભવપાર. ....મને
નમી નમી કહું છું પાયે લાગી, જગત તણા આધાર;
શેવક ભીખો વીનાવે તમને, ઉતારો ભવ પાર. ....મને

૧૨ રાગ નવીન.

લાગી લગ્ની તમારી, ભક્ત લ્યોને ઉધ્ધારી, જા ઉવારી, બલીહારી;
ધન્ય તારી, મુરતી પ્રિય મહારાજ, છો જગરાજ. ....લાગી
લ્યો લ્યોને ઉધ્ધારી, પ્રિતે વંદે નરનારી, સ્હાય કરો મોરારી;
બીહારી, ગીરધારી, પડું પાય મહારાજ, છો જગરાજ . ...લાગી
ગોવરધન તોળ્યો, સમુદ્ર વલોવ્યો, રત્ન લઇને નાંખ્યો નાગ મારી;
ખુબી તારી, પ્રિય તારી, ભીખો કહે મહારાજ, છો જગરાજ. ...લાગી

૧૩ રાગ હે કહેતા જાજો મારા મહીયરની વાત.

આવી શરણે લ્યોને, ભક્ત જનના હે તાત. (૨)
જગપતિ શરણે લ્યોને.
જગતપતી છો, ભક્ત પીતારે. (૨) નમી નમી કહુ છું રાજ

સુધારો સઉ કાજ.   જગતપતિ શરણે લ્યોને.
ભવસાગરમાં ભુલો ભટકુરે (૨) નથી ઉગરવાનો આરો;
છેલ છબીલા વીનતી કહુછુ આવો તારી લેવા સર્વે સાજ.
જગપતિ શરણે લ્યોને.
દાશ ભીખો કહે વીનતી હરી શરણે દઇ ... (૨)
જગપતિને ઓળખીને, હે ભક્તિ મુક્તિ ... રસ ... ણો.
હે જગપતિ શરણે લ્યોને. ——— હે શરણે ——— •

૧૪ રાગ મન માયાના કરનારારે.

કાચી કાયા માટીની છે માયારે, જીવ શીદને તું મન ઉભરાયા,
પાણીના જેવા બન્યો પરપોટોરે, તેવો ખલકમાં આવરતા ખોટો;
માતને તાત તારી જુઠી સગાઇ, જીવ જુદા તે ખેલ બનાયા,
અંત સમય તારે કામ નહિ આવે, જાણીને જીવ લપટાયારે — જીવ •
રાવણ મરાણો, દુર્યોધન મરાણો, નવ રહી અમર કાયા;
ગોપીચંદન રાય સમજી ગયા તેના, જગમાં તે જશ ગવાયારે — જીવ •
વંધ્યાની જેવી કુખ કવાણી, તેવા ભુંડા તેં દીન ગુમાયા;
ભીખાલાલજી વીનવીને કહેછે, ભજીલેને જગર યારે .... જીવ •

૧૫ રાગ મુંઝાણી મધ્ય દરીયે ઘેરાણી.

પ્રભુરે વાત મારી ઉરધારો, કહું તમને નમીરે;
હરીરે આ અંતર અગ્ની ઉતારો, વંદુ તુને લળી લળીરે.

સાખી

અંતર તારો આશરો, તું શામળીયો નાથ;
ભક્ત જનોની વારે ચઢી, ગ્રહોને મારો હાથ.
સમરને સદા શ્રી હરી, ભવ સાગર જાશો તરી;
મીરારે મારા ભજોને શ્રી ગીરધારી, આખરે જાશો તરીરે – પ્રભુરે –

સાખી

દુનીયા મારગ બેય છે, એક પુન્ય બીજું પાપ;
પુન્ય કરે તૂ પામશે, નહિતર ખાશે માર.
ભીખાલાલ કહેછે વારી વારી,કહું તમને નમીરે ...... પ્રભુરે –

૧૬ રાગ પ્રેમથી, પ્રેમથી, પ્રેમથીરે.

પ્રેમથી, પ્રેમથી, પ્રેમથીરે, ચાખો ભક્તિ રસ રંગ પ્રેમથી ... ચાખો –૦
ચિત્ત ચરણુ ધરો, પ્રેમ નજરથી, ભક્તિ કરો પુરા પ્રેમથીરે –ચાખો–
ભવસાગરમાં ભુલા શું ભટકો, કરો દર્શન ખરા નેમથીરે ... ચાખો–૦
ભકિતના રસરંગ જુદા જુદાછે, ખરા અંતરથીને બીજા ઉપરથીરે · ચાખો૦
ભીખાલાલ કહે પ્રિતથી ભજજો, તો નહિ રહે ફેરો આ ભવથીરે ·ચાખો૦

૧૭ રાગ રામ વ્હારે ચઢોતો વ્હેલા આવજોરે.

ધન્ય કાંકરોલી રુડુ ગામછે રે;
શુરૂ બાલકૃષ્ણનું ત્યાં ધામછેરે- ૧
મારા વાલાં તે ત્યાં બીરાજતારે;
સેવક ઘેર છબીમાં છાજતારે. ૨
રૂડાં કાનેતે કુંડળ જડીયાંરે;
પ્રેમે ફોટામાં પુરાં પડીયાંરે. ૩
એવા પરમ ગુસાંઈ બાલ કહાવેરે;
પ્રેમે નરનારી સર્વે વધાવેરે. ૪
ઘણા ઘણા વૈષ્નવો નેમથીરે;
કરે નેમે દરશન જે પ્રેમથીરે. ૫
ભક્તિ કરે તેના ફેરા ટળીયારે;
ગુરુને ચરણે ભીખાલાલ નમીયારે. ૬
તેનાં પાપ સકળ નાશ પામશેરે;
અંતે વઈકુંઠ મધ્યે બીરાજશેરે. ૭

૧૮ રાગ દુમીલા છંદ.

પ્રિતે પ્રેમ કરો, ખરી ભક્તિ વરો, સતસંગ કરો, પ્રભુ દીલ ધરો,
નીંદ્રા મુકી પરી, શાન્તિ ચીત્ત ધરી, મુક્તિ રમણી વરી, પિવો અમૃત ઝરો.-પ્રિતે.
સઉ પ્રેમે ભજો, ભક્તિ સાજ સજો, આળસ અંગે તજો, શાખ હૃદય ધરો.-પ્રિતે.
ભક્તિ જો કરો, વઇકુંઠ પાય ધરો, કહે ભીખોજ ખરો, ભક્તિ નીત્ય કરો.-પ્રિતે.

૧૯ રાગ— ગરૂડ ચઢી આવજો ગીરધારી.

મારે ઘેર આવજોરે મોરારી હું તો સમરુ શ્રી ગીરધારી—મારે—
વાટ જુવેછે ભકતજ વ્હાલારે આવો નંદ જશોદાના લાલા
ધરો ધ્યાન આ વિનતિ મારી, મારે ઘેર આવજોરે મોરારી—૧
જેમ નરસિંહની વારે ધાયારે, તમે વસુદેવ દેવકીના જાયારે,
તેમ ભકતને લેજો ઉધ્ધારી, મારે ઘેર આવજોરે મોરારી.—૨
સતી દ્રોપદીનાં પુર્યાં ચીરરે, એવા ધર્મ ધારીધર ધીરરે;
સાચા લક્ષ્મીવર છો ગીરધારી, મારે ઘેર આવજોરે મોરારી—૩
અંબરીષની વારે ચડીયારે, કરુણાતે કોહાર ભરીયારે;
સતી નારી અહલ્યા ઉદ્ધારી, મારે ઘેર આવજોરે મોરારી —૪
ઝેરનો પ્યાલો પીધો શ્રીગીરધારીરે, બાઇ મીરાંને લીધાં ઉગારીરે;
પયપાન કરીને મારી મારી, મારે ઘેર આવજોરે મોરારી —૫
ગામ રણછોડદાશના પુત્રરે, નામે ભીખલાલછે સુતરે;
બંદે લળી લળી પ્રિતે પોકારી, મારે ઘેર આવજોરે મોરારી -૬

૨૦ રાગ—ભજન.

હે મનવાતું હેતે હરીને ભજી લેનેરેજી.

હે તારા દુર્ગુણો દુર કરી દેને—હે મનવા તું—૧
સગાં સબંધી સરવે કામ નહિ આવેરે–[૨]
ભજીને ભવસાગર તરી લેને—હે મનવા તું—૦
માયાને કાયા સર્વે જુઠીતું જાણજેરે,
પ્રેમી પ્યારા પ્રભુને જપી લેને—હે મનવા તું–
ભીખાભાલાલ કહેછે, ગીરધારીના ગુણ ગાજે (૨)
તું ચરણ કમળ ચીત દેને—હે મનવા તું—

૨૧ રાગ—અબચલે[૨] નમોહન તેરા.

સઉ ભજો (૨) શ્રી નટવર રાય ભજવાથીતો દુઃખ જાય,
અંતે સદગતી મોક્ષ પમાય અંતેપ્રભુ થાયે સહાય
પ્રભુ ભજોને, ભક્તિ સજોને, જન્મ મરણ ટળી જાય
સંસારનુ સુખછે કેવુ આખર સ્વપ્ના જેવુ
માનો સીખ કહુછુ ઠીક ભીખો કહે ભજવાથી શુખથાય–ભજવાથી–

૨૨ રાગ—ઝાંઝર ઝમકેને ઘુઘરિ ઘમકે.

કૃષ્ણ કનૈયાને પ્રેમે જમાડુ, હેતે કરીને પધરાવુરે,–પ્રભુ પ્રેમે આરોગો

પુરણ પોળીને ઘીમાં ઝબોળી; લાડુ કણશાઈને ધારી પોળીરે—પ્રભુ૦
ચુરમાનો લાડુને મોતીચુરલાડુ, વાલા જમતાં થાયે તન ટાઢુરે.—પ્રભુ—
પેંડા બરફીને જલેબી મરકી, મીઠાઈ બનાવી સઉ સરખીરે—પ્રભુ—૦
જાંબુપાકને વળી દુધપાક, ગુલાબપાકને અમ્રતપાકરે, પ્રભુ—૦
ફુલકારોટલીને બેવડીરોટલી,ઝાઝાતે ઘીમાં ઝબોળીરે.—પ્રભુ—૦
મોળીપુરીને ખારીરેપુરી. વળી સારી વિદુરની ભાજીરે.—પ્રભુ—૦
કમોદભાતને બીરંજભાત, કમોનો ખીચડો અતિ સારોરે.—પ્રભુ—૦
ધામાંતળીયાંને સરસ ભજીયાં, ગલકા કેળાનાં કર્યાં ભજીયાંરે.—પ્રભુ—૦
બત્રીશ રસોઇને તેત્રીશ શાક, જોઇએતે માગી લેજો પાકરે.—પ્રભુ—૦
તુવેરનીદાળને છુટી વાલદાળ, દહી ભાગીને કીધી કઢીરે.—પ્રભુ—૦
જળની ઝારીને પીવો વનમાળી. જમી રહયા શ્રીમોરારીરે.—પ્રભુ—૦
લવીંગ સોપારીને પાનબીડાં વાળી, મુખવાસ ગીરધારીરે.—પ્રભુ—૦
પલંગ ઢાળ્યોને બાજીરે ઢાળી ખેલંતા શ્રીવનમાળીરે—પ્રભુ છો સુખદાત
પોઢણ કરોને પાંય હું ચાંપુ,, વાયરો ઢોળે બીંજનારરે.—પ્રભુ—૦
સાંભળો શાતાને સુખના દાતા, ભીખાલાલ કહે જગત્રાત્રારે--પ્રભુ—૦
ભીખાલાલના સ્વામી રહો મન વીરામી;
પાયે લાગુ હું અંતરજામીરે. પ્રભુ દો સુખસાતા૦

૨૩ રાગ—મારા તનમાં મનમાં ભર્યા છે.

જગતમાં જનમીને વસ્યોહું ફસ્યોહું,મોહ કેરી જાળમાં;
વળી ગુમાવી તેં આખી જીંદગી (૨) ફસાયો સંસાર નાવમાં. જગતમાં૦
પાપ ને પુન્ય બે મારગ જાણો, સાચું શ્રીહરીનું નામ,
ક્યાંથી ફરી ફરી મનુસા દેહ મલશે, આવા રૂડા સંસારમાં. જગતમાં૦
સીતાપતિનું સમરણ સાચું, રાધાવર ભગવાન;
ભીખાલાલ લળી લળી કહેછે,માનુ પ્રભુનો આભારહું જગતમાં૦

૨૪ રાગ—પુનમ ચાંદની. ગરબો.

મારા પરમ પવિત્રો રટો શદા શ્રીરામનેરે
મનમાં હર્ષ ધરીને સમરો સારંગ પ્રાણ
એવા ઉત્તમ ગુણથી ભરેલા શ્રી ભગવાનછેરે

સાખી

રામ કહો રણ છુટશે કોટી જન્મનાં પાપ
પુન્ય કરો તે પામશો દીધું જમણે હાથ

હસવું રમવુ જમવૂ ભજવા શ્રી ભગવાનનેરે
જેથી દુઃખ જાયને સુખ થયે હમેશ—એવા

સાખી

કામ ક્રોધ મદ મોહજે, રાક્ષસ રૂપી જાણ;
ભજીને ધ્યોને ભગવાંનને, ટાળીને અભિમાન.
ખોટી બુદ્ધિ ટાળી, સારી બુદ્ધિ આપજોરે—
જેથી ધરીએ હમેશ તમારૂં ધ્યાન—એવા—૦

સાખી

આમળશા પરણાવીયા, ભકતને દીધૂં માન;
સેવક તમને વિનવે, સ્હાય થાવો ભગવાન
તાંદુળ લઈને સુદામાનુ કષ્ટજ કાપીયુરે
એવા ભકતના આધીન સદા રહો ભગવાન એવા

સાખી

હરીં ભજશો જો હેતથી, જાશે સઘળા પાપ;
જન્મ મરણ ફેરા ટળે, વઈકુંઠ વાસજ થાય.—
અન્નના કોઠાર ભરીને અંબરીષને સુખ આપીયુંરે—
ભીખાલાલ કહેછે સદા કરોને સહાય.—એવા—૦

૨૫ રાગ. જશોદાના જાયા

મન તું શીદને ભમે, આખર એકલા જાવું;
મન અહંકાર કરે, સ્વપને સુખી ન થાવું —મનતું-૦
ગાવો સાચા સીતાપતીને, જન્મ મરણનો ફેરો ટળીને;
અંતે એ વગર કોઇ નથીરે; માટે ગાવો શ્રીહરીને.
સાચા દીન દયાળું.— મનતું-૦
કામ, ક્રોધ, મદ, મોહ તજીદે, અહંકાર તારો બધો તજીદે;
ભકિત રચના શણગાર સજીલે, સોમેસ્વર કહે ભકિત કરીલે.
સાચો રસ્તો બતાવું.— મનતું-૦

૨૬ રાગ. જેને ચિંતા નથી-

કરતો નથી મનતું વીચાર સાર;
જાણે નથી જાવું ફરી જમને દવાર- કરતો-૦
રાજપાટ તારાં સરવે નકામાં;
માત તાત તાગં જુઠાં ભામા.- જાણે-૦
મનમાં હરીનું નામ જાણ્યું નહિ;
મોહ જાળમાં મુરખ રહયો મોહી.
કર વીચાર મનમાં સાર સાર- કરતો-૦
સોમેશ્વરતો સાચું બતાવે;

અંતે તારે કસુ કામ ન આવે.
શાબાસ જેણે ભજ્યા જગકરતાર— કરતો-૦

૨૭ રાગ નહિ નહિ ભુલુ

કેમ ભૂલો હાંહાંજી (૩) પ્રભુનું નામહો;
બધી વૃથા જીંદગી આણી... કેમ—૦
જન્મ ધરીને રામ ભજ્યા નહિ; ભકિતના શણગાર સજ્યા નહિ·
ખોટી ખોટી હાંહાંજી (૩) જગત કેરી જાળહો— બધી-૦
શીખામણ દેઉછું હું સારી; સોમેશ્વર કહે વાત વિસ્તારી-
ભજો ભજો હાંહાંજી (૩) એલી ભગવાનહો— બધી-૦

૨૮ રાગ ભેખરે ઉતારો રાજા

રટો સદા શ્રીરામને; સુખે કરો સૌકાજજી;
ખાવો પીવો ધન વાપરો, હઇયે રાખોને હામજી.
ભજો સદા ભગવાનને.
રામ ભજયારે જેણે પ્રિતથી, બાજી રાખી બધી હાથજી;
સદા વશ તેને ત્રીભોવન પતિ, અનાથોના જેછે નાથજી.
ભજો સદા ભગવાનને.
હરિશ્ચંદ્ર રાય સત્યવાદીયો, વેઠયું અપાર દુઃખજી;

અંત સમયે આવ્યો શામળો, આપ્યું પરમ સુખજી.
ભજો સદા ભગવાનને.
સુધન્વાને બચાવીયો, તાતા તેલની માંયજી
નરસિંહની વારે ચઢી, પુર્યું મામેરુ ત્યાંયજી
ભકત વત્સલ ભગવાનછે
એવા એવાને સ્હાય પોતે કરી, ભજ્યા સદા જદુરાયજી
ભજો સદા સારીંગપ્રાણને, તેને સદા સ્હાય થાયજી
ભકતને આધીન ભુદરો.
શામેશ્વર નમી નમી કહે, મારા જીવન આધારજી
તેને ભજ્યાથી દુઃખ ભાગશે, પ્રભુ ઉપર રાખો પ્યારજી
ભક્ત વત્સલ ભગવાનછે.

૨૯ રાગ પ્રણામછે પ્રિયા તુને આ

ભજોને સાચા રામ, સારીંગપ્રાણ સાચા રામ
મુકી બીજાં કામ, ભજો સાચા સારીંગપ્રાણ
અંત સમય કામ આવે સાચું હરીનૂં નામ;
ખરો પુણ્યનો મારગ સાચો, સાથે આવનાર,
શામેસ્વર સાચું કહેછે, ન ભુલો હરીનૂં નામ– ભજો

૩૦ રાગ ક્ષત્રીકલંક

કમ ભજે નહિ મનવાતું ભગવાન; અકરમી તેંતો ઉંધું માર્યું રે
ભજ્યા નહિ તેની ગઇ સુધ્ધ સાન— અકરમી-૦
ડાહયા થઈને કરે પટલાઇની વાત— અકરમી-૦
તને યમરાજા મારશે લાત્ત— અકરમી-૦
ગણા કીધા આડા અવળા અન્યાય— અકરમી-૦
યમ હાથમાંથી નહિજવાય— અકરમી-૦
માટે મનવાતું ભજ ભગવાન; અંતે તું જઈશ તરીરે
બીખો કહે ટાળી નીજ અભીમાન; અંતે તું જઇશ તરીરે

૩૧ રાગ મુજ ઉપર ગુજરી

સર્વે સંસાર માંહે ક્યાંછે પંડીત પુરાણ
નથી કશુ પણ સાચું જોઈ લીધી એધાણ. ૧
જુઠું બોલી મોંઢે સાચી વાત નવ કરવી;
વળી ચોરી છીનાળીની વાતજ કાને ધરવી. ૨
હરી કીરતન થાય ત્યાં માણસ પાંચ પચીશ;
તેમાં સાંભળનારા પુરે પુરા ત્રીશ ૩
ઉપરનું લખેલું વાંચી વ્હેમ નવ ધરશો;

વિસ વાતો કરનારા મનમાં વિચારંજ કરજો. ૪
માટે મારા મિત્ર ભજીજ લ્યો ભગવાન;
ભીખાલાલ કહે ટાળો નિજ અભીમાન. ૫

૩૨ રાગ અતુલ્ય શણગારછો વારેવારે

ભાવે ભજો ભગવાનને હાંરે...હાંરે;
વીરા તજો અભીમાનને હાંરે...હાંરે.
મોક્ષનું મુળછે......ભક્તિ ખરીતું,
માટે રીઝાવો ભગવાનને હાંરે...હાંરે;——વીરા-૦

સાખી.

ભાવે ભજો ભગવાનને, અર્પો તન, મન, ધન;

ભકિતતો ભાવે કરો, મળે મોક્ષ અમુલ્ય રતન.

ભીખાલાલ કહેછે ગીરધરના ગુણ———
જડીઆલા રદય મોઝાર છે-હાંરે...હાંરે——વીરા-૦

૩૩ રાગ બનઝારો.

તમે ભાવે ભજો ગીરધારી, સ્હાય થાશે સદા શ્રી મોરારી

ચોરી જુઠ મુકો તમે અળગી, અર્થ વગરની વ્યાધી વળગીરે
સદા સમરોશ્રી દેવ મોરારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
ચોરે બેસીને પટલાઈ કીધી, જુઠું બોલીને લાંચ બહુ લીધીરે
નાંખો કામ, ક્રોધને તમે મારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
પાપી પ્રપંચી પાપે પેટ ભરતા, ચોરી છીનાળના ધંધા કરતારે
નથી બેસવા કેરી બારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
પુણ્ય કરશોજે જમણે હાથે, તોતે આવવાનું તારી સાથેરે
મુખે ભીખાલાલ કહેછે પોકારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી

૩૪ રાગ સ્વપનેમે દરશન દીખાકે સખી

અભીમાન તજી ગાવો સીતાપતી, જાય જન્મો જન્મનાં પાપ અતિ.
અંગે ઉલટના શણગાર સજી, પછી ગાવો સાચા સીતાપતી.
કામ, ક્રોધ મુકો, બીજું સર્વે ચુકો, ખોટી વાતમાં જઈને કેમ ઢુંકો;
ભજો અયોધ્યા વ.રાશ્રી રઘુપતિ, —જાય—૦
દશ, પંદર, કોઈ વીસમાં જાયે, કોઈની પડવાની ત્રીશમા કાયે;
અમર થયા નથીને થવાના નથી.—જાયે—૦
અમર થયા જેણે રામ લહયા, મુખે ઉચ્ચાર એહના એહ કહયા;

શોભો કહેછે બીજો કોઈ ધણી નથી.—જાય-૦

૩૫ રાગ મરાઠી સાખી.

અભીમાન મુકો બોલતાં ચુકો, બળને ભુખ્ખીં નાઠી;
પાંચ પચીશને સો વરસે પણ, વાટ જોઇ રહીછે કાઠી.
કેમ ભુલો નામ; એક ખરા છે સિતા રામ. કેમ-૦
જગતમાં જન્મીને રામ ભજયા નહિ, સાર્થક શું સરવાનું;
પુણ્ય કર્યું હશે તારા હાથે, તો તે ત્યાં મળવાનું
કહે શોભોદાશ, હરી ચરણમાં રાખો વાસ. કહે-૦

૩૬ રાગ રંગે ભર્યા ભર્યા આવો રસીલી

ગાવો ગાવો સાચા સિતાપતિને, હેતેથી હૈયે ઉતારીને
કામ, ક્રોધ, મદ, મોહ, તજીને, અભીમાનને દીયો મારીને
નરસિંહ મહેતે પ્રેમે ભજયાતો, પુર્યું મામેરૂં પોતે આવીને;
હરિશ્ચંદ્રની વારે ચડીને, સ્હાય કરી આખરે આવીને.
પ્રહલાદજીને બળતો બચાવી, માર્યો હીરણાકંસ રાયને
સુધન્વાની તેલ કઢા ઠારી, માર્યાતે શંખ લીખીતને. ગાવો-૦

૩૭ રાગ દયાનીધી ભગવંત

ભાવે ભજો ભગવાન, મારા વીરા ભાવે ભજો ભગવાન;
કષ્ટજ કાપી સુખને આપો, રટું તમારું નામ.—મારા—૦
મીરાં બાઈએ પ્રભુ ગુણ ગાયાતો, વિખડાં અમૃત સમાન—મારા—
રામે રાવણને મારી નાંખ્યો, વિભીષણને દીધુ માન.—મારા—
નરસિંહનું કામજ કીધું ભક્ત આધીન ભગવાન;—મારા—
દાસ ભીખાલાલ એમજ કહેછે, સમરોને સારીગપ્રાણ. – મારા

૩૮ રાગ ચાલો મારા ચતુર સુજાણ હાં હાં

ભજોને મારા મિત્ર ભગવાન હાં, હાં, હાં;
તજી દેઈ ખોટુ અભીમાન હાં, હાં, હાં.
અંતર ઉતારી દેઇ સાચા હરીને મનમાં રાખો વિશવાસ
કપટ ક્રોધતે કોરાણે મુકો મોટી ઈશ્વરનીછે આશ;
શોમેશ્વરતો સાચુ કહેછે અંતે મોટી જેની આશ. ભજો—૦

૩૯ રાગ આશાગોડી.

રામ ભજીને જીત બાજી, મનતું રામ ભજીને જીત બાજી;
સુખરૂપી સંસાર ભર્યોછે, મોહીને શું થાય રાજી.........મનતું
સ્વપને વંઝા પુત્રજ પામી, આંખ ઉધાડી જોયું જાગી....મનતું

પુત્રજ શાનો હોય ખોળામાં, મનમાં થઈ બહુ રાજી.....મનતું
શોક સમુંદર જુઠો સમજો, ગોવીંદ ગાનેતું ગાજી,......મનતું
શોમેશ્વરતો એમજ કહેછે ભજુ નહિતો બગડવાની બાજી.મન૦

૪૦ રાગ ગુજરાતની માલણ આવીરે

સઉ ભજો શ્રીક્રષ્ણ મોરારીરે, વારે ચઢશે શ્રી ગીરધારીરે;
સુધન્વાની તેલની કઢા ઠારીરે, શંખ લીખીતને નાખ્યા મારીરે; સઉ૦
ભકતની વારે ચઢજો તત્ખેવરે બ નીશામળશા વાસુદેવરે;
નરસિંહરામની હુંડી શ્રીકારીરે, વાલે ગોકુલમાં ગાયો ચારીરે.- સઉ
અંબરીષની વારે ચઢીયારે, કણનાતે કોઠાર ભરીયારે;
બાઈ મીરાંને લીધાં ઉદ્ધારીરે, ખપપાન કરી મશી મારીરે.- સઉ-
સુદામાજીનુ કષ્ટજ કાપ્યુરે, મોક્ષ ગતીને સુખ આપ્યુરે;
મામા કંસને નાંખ્યા મારીરે, પછી રાજ કર્યું શ્રી મારારીરે-સઉ૦
હુંતો લળી લળી કહુંછું આજરે, ભકતોનુ સુધારો સઉ કાજરે
ધન્ય ધન્ય ગોકુળના ગીરધારીરે, વહાલાને જોવા મળી બ્રિજનારીરે.સઉ--
કાલીંદ્રીમાં કાળી નાગ નાથ્યોરે, ભીખાલાલને આનંદ વાધ્યોરે
ધન્ય ધન્ય ભીખાલાલના સ્વામીરે, ભીખો કહે ભજો અંતરજામીરે-સઉ૦

૪૧ રાગ પીલે શરાબ મજેદાર મેરે યાર

ભજોને જગકરતાર મેરેભાઈ ભજોને— ભજોને—૦
ભગવાન ભજીને જીતનું બાજી
અંતે મુકાવનાર માર મેરાભાઈ— ભજોને—૦
સાચું હરીનું નામ ખરૂછે
મીથ્યા મકીદે જંજાળ મેરાભાઇ— ભજોને—
દાસ શોમો એમજ રહેછે
બુરો બુરોછે આ સંસાર મેરાભાઈ— ભજોને—૦

૪૨ રાગ મારા રામ ગયાછે વનવાસરે

મારા વીગ ભજો ભગવાનરે
જમનું તેડું ન આવે ફરી. મારા૦
માતને પેટ તેં તો જન્મ ધરીનેરે,
રટા નહિ સાચા સીતારામરે. જમનું. ૦
ભકિત વીનાની તારી જીંદગી નકામીરે
સાચું શ્રીહરી કેરૂ નામરે. જમનું ૦
દાસ ભીખાલાલ વીનવી કહેછેરે
રટોને સદાએ સારીગમાણુરે જમનુ

૪૩ રાગ દયાનીધી ભગવંત

ભજી લેને જગકરતાર, મનતું ભજી લેને જગકરતાર.
માત પીતા તારાં સાથે નહિ આવે, અંતેએ અળગાં થનાર- મનતું ૦
સુત ભ્રાત દારા બેન બનેવી, સસરો નહિ પાણી પાનાર- મનતું ૦
મહેલ માળાને સાલો દુસાલો, સાથે નહિ આવનાર- મનતું ૦
ચંબુને ઝારી લારી કામ નહિ આવે, ખોખરી હાંડી આવનાર- મનતું
સેજ તળાઇ તારી સુનીરે પડશે, પાપ પુણ્ય સાથે આવનાર- મનતું
તારી નારી ધડીન મુકે, તે તુજને લુટનાર- મનતું
સગા હોઇએતો સગાં સહોદર અંતે એ મીલકત ખાનાર મનતું ૦
કાકા મામા સર્વે જાણો મીથ્યા સગાઇ જાણનાર મનતું
બેનીરે તારી સાસર વાશો પુરતો સારો કહેનાર મનતું ૦
નહિતો મુવોરે કહી ગાળો ભાંડે પાછળ પીટણી પાડનાર મનતું ૦
દાશ શોમેસ્વર કહે હરી ભજ્યાથી તુરણ તારણહાર મનતું ૦
માટે સર્વે હરીને ભજો ભાઇ જમનો માર મુકાવનાર મનતું ૦

૪૪ રાગ ભજન.

ભજ મન રામ તુહી માળા જેથી છુટે જન્મ જંજાળા
પાપ પુણ્ય બે મારગ જાણો બીજા મીથ્યા લબારારે ભજ
સારી ખોટી વાતો કરતો પુછ્યા નહી કેમ જમ દ્વારારે ભજ
લોકોની નિંદા અળગી ન કરતો હૈયામાં એવા ઉછાળારે ભજ

તેને મારે દુઃખ ત્યાં પડશે છોડાવશે નહીં તુજ દારારે ભજ

દાશ રામો કહે હરીને ભજીને ઉંતરે ભવજલ પારારે ભજ

૪૫ રાગ પંથી પરદેશી ચીત સાંપી

ભજો સદાતે શ્રીભગવાંન દુઃખ જા..................શે

તમે રામની ભકિત કરજોરે સુખ થા...............

સાખી.

ભકત જન ઉધ્ધારવા, ધર્યો કૃષ્ણ અવતાર;

પાંડવની વારે ચઢી, દુઃખ કાપ્યાંછે અપાર.

એવા ભકત આધીન ભગવાંન સુખ થા............શે.ભ

સાખી.

પ્રહલાદજી ઉગારીયા, કરી સેવકને સ્હાય;

વિભીષણને સુખ આપીયું પોતેશ્રી જદુરાય.

દાશ ભીખો કહે હરી ભજ્યાથી દુઃખ જા.......શે..તમે.

૪૬ રાગ (વૃજનાથ હાથ મારો.)

ભજો ભગવાન, તજો અભીમાન;
તજો અભીમાન, ગાઓ હરીનું ગાન.—ભજો૦૧
પાપ જાય આઘે, પુણ્ય થાય સાથે;
મોક્ષગતી આપે, નરસિંહની સમાન.—ભજો૦૨
કુશંગે ન ચડશો, મિત્ર સત્સંગ કરજો;
આ શીખ સાંભળજો, સ્હાય થાશે ભગવાન—ભજો૦૩
કર્મ સઉ કરનાર, નકોઇથી ફરનાર;
અંતે પુણ્ય તરનાર, માટે ભજો ભગવાન.—ભજો૦૪
વારે ધાવો મારી, કહુછુ પોકારી;
નટવર મોરારી, ભકત ધરેછે ધ્યાન.—ભજો૦૫
પ્રભુને લાગુ હું પાય, છો મોટા મહારાય;
સેવકને કરો સ્હાય, કહેછે ભીખાલાલ.—ભજો૦૬

૪૭ રાગ. મનહર છંદ [અંતર લાપીકા]

શો સારછે સંસારમાં, જોને તું જાગી અભાગી,
મેરૂ કેરૂ તરણું ને તરણાના બેહાલછે.
સરસમાં સરસજે રામ નામ સાચું સદા,

બખતો વખત સદા મુખે તું ઉચ્ચારજે.
રૂખે તુને શરમ આવે રામનો ઉચ્ચાર કરતાં,
મુરખા તું તારૂં જાણી ચોરી કરવા જાયછે.
રટણ કરોને સદા મનમાં વીચાર કરી,
જીવ ગયા પછી તારા ભુંડા ત્યાં બેહાલછે.

૪૮ રાગ. બનઝારો [અંતર લાપીકા]

ભીમનાથ વારે ચઢો મારી; હર શંકર જય ત્રીપુરારી.
ખાખ ચોળી લંગોટી ભલી વાળી, તમે જટામાં ગંગા સમાવીરે;
લાજ રાખો હરશંકર ત્રીપુરારી; ભીમનાથ વારે ચઢો મારી......૧
લક્ષ્મીનાપતિ ભગવાન, સારી સાહયબી ઈંદ્ર સમાનરે;
ર ખે કરતા રીશ બહુ ભારી; ભીમનાથ વારે ચઢો મારી.......૨
નથી ઉગરવાનો આરો, વિશી ચલવીને દાટ બહુ વાળયોરે;
છોડોતો બયવા કેરી બારી; ભીમનાથ વારે ચઢો મારી.........૩
ડ ર લાગેછે આપનો અતિશે, છપનીયો કાઢયો બહુ રીશેરે;
દાખલો આપુ, અરજી સ્વીકારી; ભીમનાથ વારે ચઢો મારી.....૪
શકિત માતાએ કોપ સમાવ્યો, ત્યારે પ્લેગતે ભુંડો આવ્યોરે;
મુ‌‌ઝ વાત બધીતો વિસારી; ભીમનાથ વારે ચઢો મારી.......૫
કાચી કાયાને મતિ મમ થોડી, તમે પ્રેમે ચોળીછે રાખોડીરે;

મને આપો મતિ બહુ સારી; ભીમનાથ વારે ચઢો મારી.......૬
ચુક હોયતો કરજો માફ, મારૂં મન સુધારી કરો સાફરે;
નેકીથી કરૂં ભકિત તમારી; ભીમનાથ વારે ચઢો મારી.........૭
લખી છપાવનાર ભીખાલાલ, મને શંકર ઉપર ઘણુ વ્હાલરે;
વારે ધાઓને શ્રીત્રીપુરારી; ભીમનાથ વારે ચઢો મારી;
શીખામણુ દેજો મુને સારી; ભીમનાથ વારે ચઢો મારી.......૮

૪૯ રાગ (આરતી.)

જય વીર હનુમંતા જય વીર હનુમંતા,
અંજની સુત અતી તેજ (૨) છોજી બળવંતા. જયદેવ જયદેવ
ઉને પાણીએ ન્હાતા મરદન સારુ કરતા- વીર મરદન [૨]
તેલ સીંદુરની સાથે [૨] ખાંડ શરીરે ધરતા. જયદેવ ૦- ૨
પનોતી દબાવી પાયે, દંડ ઘણા સાગ- વીર દંડ (૨)
દૂજા ફરૂકે ધોળી (૨) સીતા શોધ વાળા. જયદેવ - ૩
કેશરી પવન કુમાર, કીષ્કીન્ધા વાશી- વીર કીષ્કીન્ધા (૨)
જયારે સીતા શોધમાં ગયા [૨] લંક ગઇ ત્રાશી જયદેવ ૦- ૪
અંજની સુત હનુમત, હાર ઘણા ચઢતા- વીર હાર (૨)
તેલ ઘીના બે દીવા (૨) અખંડ રહે બળતા. જયદેવ ૦-૫
સુર્યોન્ન વાશી હનુમંત, વારે ચઢો મારી- વીર વારે (૨)

દાસ ભીખો વીનવેછે (૨) બુધ્ધી આપો સારી. જયદેવ ૦–૬
બજરંગ દેવની આરતી, જે કોઇ ગાશે- વીર જેકોઇ (૨)
દાસ ભીખાલાલ કહેછે [૨] સુખ સંપત થાશે. જયદેવ ૦– ૭

સમાપ્ત.

છપાયછે છપાયછે છપાયછે

શણગાર રસની ઝલાઝલ

આઅમુલ્ય તક ગુમાવશો નહી

જો રમુજદાર વારતા વાંચવી હોયતો મંગાવો

છેલછેલની વાર્તા.

પેટ પકડીન હસો તેવી કીમત ૦—૬—૦

જાહેરખબર.

નોંધાવો નામ　　　　　　　　　　　　　　　　નોંધાવો નામ

અમારી તરફથી ટુંક મુદતમાં બહાર પડશે

ભકિત મણી કાવ્ય.

ભાગ ૨ જો.

માટે જે ભાઈઓ અગાઉથી ગ્રાહક થનાર હોય તેણે પત્ર વ્યવહારે પોતાનું સીરનામું લખી મોકલવુ. અગાઉથી ગ્રાહક થનારનાં નામ અમર કરવામાં આવશે. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૦—૨—૦ લેવામાં આવશે પાછળથી રૂ ૦—૪—૦ લેવામાં આવશે. માટે જેને અગાઉથી ગ્રાહક થવુ હોય તેમણે નીચેને સીરનામે પત્ર લખી મોકલવા

નોટપેડ પત્ર લેવામાં આવશે નહી

સીરનામુ

ભીખાલાલ રણછોડદાશ શાહ

મુ ચુણેલ　　　　તા નડીઆદ

સોમેસ્વર મુળજીભાઈ પંડ્યા

ઠે દવેજીનાપાંચ ઓરડામાં　મુ ડાકોર